# વોર્ડ નં. ૭માં ભાજપ દાવેદારોથી છલોછલ

## ભાજપમાં વર્તમાન ૪ કોર્પોરેટરો અને સંગઠનના ૪ હોદ્દેદારો મેદાનમાં ઉતરવા આતુર છે, નાગરિક બેંકના ૨ ડિરેક્ટરો ચૂંટણી લડવાના મુડમાં છે

**મહાનગરનો મહાસંગ્રામ** - સંજય દૃષ્ટિ

વોર્ડ નં. ૭ મધ્યમ વર્ગીય પરિવારોથી છલોછલ છે. સેક્ટર-૩, ૫ અને ૬નો બનેલા વોર્ડ નં. ૭માં ૧૮૫૨૩ મતદારો છે. જેમાં ૯૪૧૮ પુરૂષ અને ૯૧૦૫ મહિલા મતદારો છે. હાલ સીટીંગ કોર્પોરેટર તરીકે શ્રી રાકેશભાઈ પટેલ, શંકરભાઈ ચૌધરી અને પરાગીબેન પંડ્યા પ્રતિનિધિત્વ કરે છે. નવા સીમાંકન અનુસાર બન્ને પુરૂષ બેઠકો બિન અનામત વર્ગમાંથી અને ૧ મહિલા બેઠક પણ બિન અનામત વર્ગમાંથી ચૂંટણી લડી શકશે. જ્યારે બીજી મહિલા બેઠક માટે અનુસૂચિત જતિ વર્ગમાંથી ઉમેદવાર પસંદ કરવાના રહેશે. ભાજપનો ગઢ પુરવાર થયેલ વોર્ડ હોવાથી ભાંજગડ ખુબ છે. લાઈન લાંબી લચક બનતી જાય છે. વર્તમાન કોર્પોરેટર અને સ્ટેન્ડીંગ કમીટીના ચેરમેન રાકેશભાઈ પટેલની પ્રખર દાવેદારી છે. જ્યારે બીજા કોર્પોરેટર અને સામાજીક અગ્રણી શંકરભાઈ ચૌધરી પણ ટીકિટ માટે એડી ચોટીનું જોર લગાવે છે. મહિલા કોર્પોરેટર પરાગીબેન પંડ્યા કામગીરીના આધારે દાવેદારી જોરશોરથી કરી રહ્યા છે. જ્યારે વોર્ડ નં. ૬ના કોર્પોરેટર દર્શના અડાલજા પણ વોર્ડ નં. ૭માં અનુસૂચિત જાતી મહિલા અનામત બેઠક પર ચૂંટણી લડવા ઉત્સુક છે. આ તો થઈ વર્તમાન નગર સેવકોની વાત. પણ નવા ચહેરાઓની લાઈન પણ લાંબી છે. શહેર ભાજપના પૂર્વ પ્રમુખ રૂચિર ભટ્ટ અને શહેર ભાજપના ઉપાધ્યક્ષ અને વોર્ડ પ્રભારી તથા બ્રહ્મ સમાજના અગ્રણી શ્રી બિપીનભાઈ રાવલ દાવેદારીમાં અગ્રેસર છે.

ગાંધીનગર તાલુકા ભાજપના પૂર્વ પ્રમુખ શૈલેષભાઈ પટેલને પણ આજ વોર્ડમાંથી ચૂંટણી લડવાની ઉત્સુકતા છે. નાગરીક બેન્કના ડિરેક્ટર અને તાલુકા યુવા મોરચાના પૂર્વ પ્રમુખ ઘનશ્યામભાઈ પટેલ પણ જંગમાં ઝંપલાવે તેવી ચર્ચાઓ છે. જ્યારે નાગરિક બેન્કના પૂર્વ ચેરમેન અને વર્તમાન ડિરેક્ટર તથા પટીદાર સમાજના અગ્રણી વિક્રમભાઈ પટેલ પણ દાવેદારીમાં મોખરે છે. ભાજપ અને સંઘ સાથે સતત કાર્યરત એવા કર્મઠ કાર્યકર વિનાયક પટેલનું નામ પણ ભાજપના વર્તુળોમાં ચર્ચાય છે. દિપક પટેલ, ભીમસિંહ આહીરના નામો પણ ભાજપના અગ્રણીઓની ચર્ચામાં ગણાવાય છે. મહિલા બેઠક માટે મહિલા ભાજપના અગ્રણીઓ દિનાબેન ભટ્ટ, ભારતીબેન શુકલ અને ગીતાબેન પટેલના નામો પણ જોરશોરથી ગાજે છે.


મેઘનાબેન ભટ્ટ પોતે ઈચ્છતા નથી પણ પક્ષના કેટલાક આગેવાનો તેમના નામ પર વિચાર કરે છે. મહિલા અનુસૂચિત જાતી બેઠક પર હિનાબેન મકવાણાનું નામ પણ ભાજપના વર્તુળોમાં ચર્ચાય છે. આમ ભજપમાં દાવેદારો છલાકાયા છે અને એટલે જ પસંદગીની પ્રક્રિયા ભારે જટિલ બનશે.

કોંગ્રેસ છેલ્લા બે મહિનાથી વોર્ડમાં બેઠકો કરતાં દાવેદારોની સંખ્યા વધતી જાય છે. કોંગ્રેસના શહેર અગ્રણી જયરાજસિંહ પરમારની દાવેદારી મોખરે છે. જાણીતા યુવા કાર્યકર અને બ્રહ્મસમાજના અગ્રણી શ્રી ઉત્પલ જોષી પણ દાવેદારીમાં અગ્રેસર છે. આ ઉપરાંત જાણીતા સામાજીક કાર્યકર અને શહેર વસાહત મહાસંઘના પ્રમુખ કેશરીસિંહ બિહોલા, મૌલિક કાંતિભાઈ પટેલ, બ્રહ્મસમાજના કર્મઠ કાર્યકરો નિતીનભાઈ વ્યાસ અને રાકેશભાઈ રાવલ દાવેદારી કરી રહ્યા છે. જાણીતા ક્ષત્રિય આગેવાન વિરેન્દ્રસિંહ રાણા વિશ્વાસપૂર્વક દાવેદારીમાં આગળ વધે છે. મહિલા બેઠકોમાં પણ લાઈન લાંબી બને છે. હિરલ ઉત્પલ જોષી, ભાવનાબેન પરમાર તથા મગનભાઈ પરમાર, રતિભાઈ શ્રીમાળી કે સી.એમ. વર્માના પરિવારમાંથી મહિલાની પસંદગી થાય તેવું કોંગીજનો માને છે.

આ વોર્ડમાં પણ લોકવિકાસ મંચ અને આપના કાર્યકરોની સંખ્યા નોંધપાત્ર છે પરંતુ હજુ ખુલીને ઉમેદવારી માટે દાવેદારીની વાત કરતા અચકાય છે.

## કોંગ્રેસ જુના જોગીઓ ઉપરાંત નવા ચહેરાની વિચારણા કરે તે માટે દાવેદારો ઉત્સાહમાં છે

**હરિની દૃષ્ટિ...** - હરિન ભટ્ટ




# સિવિલમાં તાત્કાલીક સારવાર વિભાગમાં સ્ટ્રેચર અને વ્હીલચેરની અછત

**તાત્કાલીકમાં માત્ર ગણ્યાં ગાંઠ્યા સ્ટ્રેચર હોવાથી દર્દીઓને રાહ જોવી પડે છે**

ગાંધીનગર, તા.૩૧

ગુજરાતની રાજધાની ગાંધીનગરન સિવિલ હોસ્પિટલનો તાત્કાલીક વિભાગ દિવસ-રાત ધમધમતો રહે છે. રોજના હજ્જારો દર્દીઓ તાત્કાલીક વિભાગમાં આવતા હોય છે ત્યારે સિવિલના તાત્કાલીક વિભાગમાં માત્ર ગણ્યાં ગાંઠયા સ્ટ્રેચર અને વ્હીલચેર ઉપલ્બધ છે જેને કારણે તાત્કાલીકમાં આવતા અન્ય દર્દીઓને સ્ટ્રેચર માટે રાહ જોવી પડે છે અથવા દર્દીના સગા જાતે ઉપાડીને અંદર લઈ જવાની ફરજ પડે છે. સિવિલમાં લાખો રુપીયાનો ખર્ચ કરીને આધુનિક બનાવાઈ છે ત્યારે તાત્કાલીક વિભાગમાં તંત્ર દ્વારા વધુ વ્હીલચેર અને સ્ટ્રેચર મુકવામાં આવે તેવી માંગ નાગરીકોમાં ઉઠવા પામી છે.

ગાંધીનગર મેડીકલ કોલેજ સંચાલિત હોસ્પિટલમાં રોજના હજ્જારો દર્દીઓ સારવાર માટે આવે છે જ્યારે ૬૦૦ બેડની અતિ આધુનિક હોસ્પિટલ બનતા આસપાસના જીલ્લામાંથી પણ દર્દીઓનો ભારે ધસારો જોવા મળે છે. સિવિલનો ઓપીડી અને તાત્કાલીક વિભાગ દર્દીઓથી ઉભરાય છે. સિવિલના તાત્કાલીક વિભાગમાં રોજના અંદાજીત દિવસ રાતના થઈને ૭૦૦ થી વધુ કેસ આવે છે. હોસ્પિટલનો તાત્કાલીક વિભાગ હંમેશા ધમધમતો રહે છે. સિવિલના તાત્કાલીક વિભાગમાં સિરીયસ અને અકસ્માતમાં ઘાયલ દર્દીઓ સારવાર માટે આવતા હોય છે. આ દર્દીઓને સ્ટ્રેચર કે વ્હીલચેરમાં જ વોર્ડ સુધી લઈ જવા પડે તેવી પરિસ્થિતિ હોય છે તેવા સંજોગોમાં સિવિલના તાત્કાલીક વિભાગમાં ગણ્યાંગાંઠ્યા સ્ટ્રેચર અને વ્હીલચેર હોવાથી દર્દીઓને લાંબો સમય સુધી રાહ જોવી પડે છે. તાત્કાલીક વિભાગમાં સારવાર બાદ દર્દીઓને વોર્ડમાં શીફટ કરવામાં આવે છે. સ્ટ્રેચર કે વ્હીલચેરમાં દર્દીને લઈ કર્મચારી જાય છે. તે દરમિયાન અન્ય કોઈ દર્દી ઈમરજન્સીમાં આવી જાય તો તેને રીતસરની વ્હીલચેર કે સ્ટ્રેચર માટે રાહ જોવી પડે છે. રાજધાની ગાંધીનગરની સિવિલની આ હાલત છે તો અન્ય શહેરોની સિવિલની શું હાલત હશે. ગાંધીનગમાં મેડીકલ કોલેજ બન્યા બાદ કરોડો રૂપીયાના ખર્ચે અત્યંત આધુનિક બનાવાઈ છે ત્યારે જરુરી ચીજવસ્તુમાં આપવામાં તંત્ર કેમ ઉણુ ઉતરે છે તે નવાઈની વાત છે. સિવિલના તાત્કાલીક વિભાગમાં સ્ટ્રેચર અને વ્હીલચેરની માત્રા વધારવામાં આવે તેવું નાગરીકો ઈચ્છી રહ્યા છે. જેને લઈ ઈમજન્સીમાં આવતા દર્દીઓને સ્ટ્રેચર અને વ્હીલચેરની રાહ જોવામાંથી છુટકારો મળી જાય અને ઝડપી સારવાર દર્દીને મળે.

## ખૂણે ખાંચરેથી...

- જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેનની નિયુક્તી માટે ૧૧મી એપ્રિલે શિક્ષણ સમિતિની બેઠક મળશે
- આજે જિલ્લા પંચાયતની બજેટ બેઠક બાદ કોંગ્રેસી સભ્યોએ સમુહ ભોજન માણ્યુ હતુ.
- મહુડીમાંથી વધુ ૪ કેસ ઓરીના મળી આવતા તંત્ર દ્વારા સઘન સર્વેલન્સના આદેશો અપાયા છે.
- ગાંધીનગરમાં મુખ્યમંત્રી અને ધારાસભ્યોએ ''નિરજા'' ફિલ્મ સીટી પલ્સમાં જોયુ હતુ.
- ગાંધીનગર શહેરમાં આજકાલ સંગીતના કાર્યક્રમો દ્વારા સૂર સંગ્રામ ચાલી રહ્યો છે.
- ગાંધીનગરમાં ભાજપ દ્વારા પણ ચૂંટણીની કવાયત તેજ બનાવાઈ છે અને ૫મી પછી તેમાં વધુ વેગ આવશે.
- ગાંધીનગર શહેરમાં આજે ટી-૨૦ વર્લ્ડ કપની સેમિફાઈનલને પગલે મોડી સાંજથી માર્ગો સુમસામ બની ગયા હતા.

## આજની બે દિવસ માટે ટિકિટની રજુઆતો કોંગીના નેતાઓ સાંભળશે

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર મહાનગર પાલિકાના ચૂંટણી જંગ માટે કોંગ્રેસે પણ તેની તૈયારીઓ વેગીલી બનાવી દીધી છે. આજે પ્રદેશ કોંગ્રેસ પ્રમુખના અધ્યક્ષસ્થાને મળેલ આગેવાનો સાથેની બેઠકમાં મનપાના ૮ વોર્ડ માટે પ્રદેશના ચુનંદા ઈન્ચાર્જની નિયુક્તી કરી છે.

આ ૮ વોર્ડના ઈન્ચાર્જમાં ૪ ધારાસભ્યો અને ૪ પ્રદેશ સંગઠનના ચુનંદા આગેવાનોને સ્થાન અપાયુ છે. વોર્ડ નં. ૧ માટે કામિનીબા રાઠોડ, વોર્ડ નં. ૨ માટે અમીતભાઈ ચૌધરી, વોર્ડ નં. ૩ માટે પંકજ પટેલ, વોર્ડ નં. ૪ માટે ઘનશ્યામભાઈ ગઢવી, વોર્ડ નં. ૫ માટે રાજુભાઈ બ્રહ્મભટ્ટ, વોર્ડ નં. ૬ માટે વજીરખાન પઠાણ, વોર્ડ નં. ૭ માટે મણીભાઈ વાઘેલા તથા વોર્ડ નં. ૮ માટે બળદેવજી ઠાકોરની નિયુક્તી ઈન્ચાર્જ તરીકે કરવામાં આવી છે.

દરમ્યાન આજે શહેર કોંગ્રેસ સમિતિના ઈન્ચાર્જ મહામંત્રીશ્રી ટપારિયાએ એક નિવેદનમાં જણાવ્યુ છે કે શહેરના ઉમેદવારોની પસંદગી માટે આજે નિરીક્ષકો અને શહેર કોંગ્રેસની કો ઓર્ડીનેશન કમિટીના સભ્યો સમક્ષ બપોરે ૨ વાગ્યાથી રજુઆત કરી શકાશે. આ માટે ઈચ્છુકોએ બપોરે ૨ વાગ્યાથી વોર્ડ નં. ૧-૨ અને ૩, ૪ના ઉમેદવારોને તેમજ ૨જી એપ્રિલે વોર્ડ નં. ૫, ૬, ૭ અને ૮ના ઉમેદવારો બ્રહ્મ સમાજની વાડી ખાતે રજુઆતો કરી શકશે.

## કર્ણાવતી ક્લબ ચૂંટણીમાં શાંતિપૂર્ણરીતે મતદાન પૂર્ણ

કર્ણાવતી ક્લબની હાઈપ્રોફાઈલ ચૂંટણી માટે આજે સઘન સુરક્ષા વચ્ચે મતદાન થયુંહતું. શાંતિપૂર્ણરીતે મતદાન થયા બાદ મતગણતરીની પ્રક્રિયા શરૂ થઈ હતી. પરિણામ આવતીકાલ સવાર સુધી સંપૂર્ણપણે મળી જાય તેવી શક્યતા દેખાઈ રહી છે. ઈ-વોટિંગ મારફતે ૮૦૯ મત પડ્યા છે જ્યારે ૩૫૮૩ મત આજે પડ્યા હતા. આની સાથે જ પડેલા મતની સંખ્યા ૪૩૯૨ નોંધાઈ છે. મતદાનની ટકાવારી ૪૦ ટકાની આસપાસ હોવાનુંપ્રાથમિકરીતે જાણવા મળ્યું છે.

## ભાજપના ૮ સભ્યોની ગેરહાજરીમાં કોંગ્રેસના સમર્થનથી તાલુકા પંચાયતનું બજેટ પસાર

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર તાલુકા પંચાયતની આજે મળેલ બજેટ બેઠકમાં કોંગ્રેસે રચનાત્મક અભિગમ દાખવી અને વહીવટીય પ્રશ્નો ઉભા ના થાય તેમજ વિકાસના કામો અટકે નહિ તે માટે ભાજપને સમર્થન આપ્યુ હતુ. આજે તાલુકા પંચાયતની બજેટ બેઠકમાં ભાજપના ૮ સભ્યો ગેરહાજર રહ્યા હતા.

ભાજપના ૮ સભ્યોની ગેરહાજરીના ઘેરા પ્રત્યાઘાત પડવા પામ્યા છે. ૩૧ સભ્યોનું સંખ્યાબળ ધરાવતી તાલુકા પંચાયતમાં ભાજપના ૧૮ કોંગ્રેસના ૧૨ અને એક અપક્ષ સભ્ય છે. આજે જો બજેટ ના મંજૂર થયુ હોત તો વહીવટીય ગુંચવણો ઉભી થવા સાથે પુનઃ બેઠક બોલાવવી પડી હોત તેમજ સત્તા ગુમાવવા સુધીની સ્થિતિ પેદા થઈ હોત.

આજે તાલુકા પંચાયતની બજેટ બેઠકમાં રૂ. ૯૯૮ લાખની પુરાંત દર્શાવતુ બજેટ સર્વાનુમતે પસાર કરવામાં આવ્યું હતું.

# સરગાસણ નજીક ધડાધડ ફાયરીંગ

**પલ્સર બાઈક પર બે શખ્સો મોં પર રૂમાલ બાંધીને આવ્યાને ફોર્ચ્યૂનર ગાડીની બાજુમાં બાઈક ઉભું રાખી ત્રણ રાઉન્ડ ફાયરીંગ કરીને નાસી ગયા : પોલીસનો જવાબ તપાસ ચાલુ છે**

ગાંધીનગર, તા. ૩૧

રાજ્યના પાટનગરમાં હવે યુ.પી.-બિહારવાળી શરૂ થઈ ગઈ હોય તેવો અહેસાસ થઈ રહ્યો છે. દિનદહાડે લૂંટફાટ, મર્ડર, ચોરી, ચેઈન સ્નેચીંગ થવા લાગી છે. તેની સામે ગંભીર ગુનાઓમાં ડીટેક્શન શૂન્ય..! ગઈ સાંજે સરગાસણ નજીક ધડાધડ ત્રણ રાઉન્ડ ઓપન ફાયરીંગની ઘટના બની હતી. આ ઘટના સાંભળતા જ શઆંત અને લાગણીશીલ સ્વભાવની ગાંધીનગરની પ્રજા પણ ફફડી ઉઠી છે. અને મનોમન બોલી ઉઠી છે કે શું પાટનગરમાં ગુંડારાજ શરૂ થઈ ગયું..? તેની સામે કાર પર ફાયરીંગ જેવી ઘટનામાં છત્રીસ કલાક બાદ પણ પોલીસનો જવાબ છે..તપાસ ચાલુ છે...!

મળતી માહિતી મુજબ સેક્ટર-૬ ખાતે રહેતો હાર્દિક હર્ષદભાઈ પટેલ ગઈકાલે સાંજે પોતાના ગ-૨ નજીક સ્થિત પાર્લરમાં બેઠો હતો. સાઢુના ઘરે અમદાવાદ જવુ હતુ પરંતુ તેની વર્ના ગાડીમાં ડીઝલ ઓછુ હતુ એટલે તેના સેક્ટર-૫ ખાતે રહેતા મિત્ર જિગ્નેશ પટેલ પાસેથી તેની નવી ફોર્ચ્યુનર ગાડી માંગી હતી. હજુ ટી.સી. નંબર જ આવ્યો છે તે નવી ગાડી લઈને હાર્દિક અમદાવાદ તરફ જવા એસ.જી. હાઈવે ચઢ્યો અને સરગાસણ ચોકડી વટાવીને સિદ્ધાર્થ ઝોરી સામે પહોંચ્યો ત્યાં ગાડી માલીક જીગ્નેશનો ફોન આવ્યો કે મારો મોબાઈલ ગાડીમાં રહી ગયો છે તુ જ્યાં હોય ત્યાં ઉભો રહી જા હુ મોબાઈલ લેવા આવુ છુ. સિદ્ધાર્થ ઝોરી સામે ફોર્ચ્યુનર સાઈડમાં કરીને ત્યાં આવી જવા હાર્દિકે જીગ્નેશને કહ્યુ અને હાર્દિક જીગ્નેશની રાહ જોઈ એ ગાડીમાં બેઠો હતો. તે સમય દરમ્યાન પલ્સર બાઈક પર બે અજાણ્યા યુવાન શખ્સો મોં પર રૂમાલ બાંધીને આવ્યા અને પાછળ બેઠેલા શખ્સે પિસ્તોલ જેવુ હથિયાર કાઢીને જાહેરમાં જ ધડાધડ ત્રણ રાઉન્ડ ફાયરીંગ કરી દીધુ હતુ. ગાડીમાં બેઠેલા હાર્દિકના ખભા નજીકથી એક ગોળી નીકળી ગઈ અને બીજી ગોળી બાજુની સીટમાં ઘુસી ગઈ હતી બે ગોળીઓ આગળના કાચમાં થઈને ગાડીમાં ઘુસી હતી. જ્યારે એક ગોળી ડ્રાઈવર સાઈડના પાછળના દરવાજામાં વાગેલી હતી. ત્રણ રાઉન્ડ ફાયરીંગના નિશાન જોતા સ્પષ્ટ લાગે છે કે પલ્સર પર આવેલા બંને તત્વો હત્યા કરી નાંખવાના મજબુત ઈરાદાથી આવ્યા હતા. ત્રણ રાઉન્ડ ફાયરીંગ કરીને પલ્સર પર બંને શખ્સો અડાલજ તરફના રોડ પર પળવારમાં ફરાર થઈ ગયા હતા. ઈન્ફોસીટી પોલીસે હાર્દિક પટેલની ફરીયાદને આધારે આઈપીસી ૩૦૭, ૧૪૪, જીપીએક્ટ ૧૩૫ અને આર્મ્સ એક્ટ ૨૫-૧/બી-એ હેઠળ બે અજાણ્યા શખ્સો સામે ગુનો દાખલ કરી પી.આઈ. પી.બી. ચૌહાણે તપાસ શરૂ કરી છે.




### એફએસએલની ટીમે બારીકાઈથી કારતુસનું પરીક્ષણ કર્યુ

ઘટના બાદ ગાંધીનગર એફએસએલ અધિકારી જી.પી. દરબાર તથા તેમની નિષ્ણાંત ટીમ સ્થળ પર પહોંચી ગઈ હતી અને ફાયરીંગ બાદ કારતુસનું પરીક્ષણ બારીકાઈથી કર્યુ હતુ. પ્રાથમિક દૃષ્ટિએ દેશી બનાવટની પીસ્ટલથી ફાયરીંગ કરવામાં આવ્યું હોવાનું તથા કારતુસ માત્ર લેડનું નહી પરંતુ કોપર કેપ કરેલી મજબુત કારતુસ હોવાનું ધ્યાને આવ્યું છે. ૭.૬૫ એમ.એમ. દેશી પીસ્ટલથી ફાયર થયુ હોવાની શક્યતા છે. પોલીસે ફાયરીંગ બાદ બહાર ઘટના સ્થળે પડેલા કારતુસરના ખોખા પણ શોધીને જપ્ત કરી લીધા છે.

### કોણ છે પ્રકાશ ઉર્ફે પકો-ચિનો..?

પ્રકાશ ઉર્ફે પકો-ચિનો પાંચેક વર્ષ પહેલા નવરાત્રી સમયે થયેલા મર્ડર કેસમાં સૂત્રધાર હતો ત્યાં પ્રકરણમાં પકા સહિત ૯ આરોપીઓને આજીવન કેદની સજા ગાંધીનગર કોર્ટે ફટકારી હતી અને હાલ જામીન પર છુટેલો છે. અગાઉ પણ મારામારી સહીતના સંખ્યાબંધ ગુના તેની સામે નોંધાયેલા છે અને હવે ગાંધીનગરમાં 'ભાઈ'ની છાપ ઉભી કરી રહ્યો હોવાનું જાણવા મળ્યું છે.

### શુટરના નિશાન પર કારચાલક નહી પરંતુ કાર માલીક હતો ..?

ફોર્ચ્યુનર કાર માલીક જિગ્નેશ પટેલ છે અને તે કાર તેનો મિત્ર હાર્દિક ગઈ સાંજે લઈને અમદાવાદ જવા નિકળ્યો હતો. પલ્સર પર આવેલા બે શખ્સો કારચાલક હાર્દિકને નહી પરંતુ કાર માલીક જિગ્નેશને મારવા આવ્યા હોવાની શંકા જિગ્નેશે વ્યક્ત કરી છે. હાર્દિકના કહ્યા પ્રમાણે તેને કોઈ જ સાથે કાંઈ દુશ્મનાવટ કે જુની અદાવત નથી પરંતુ જિગ્નેશને દોઢેક મહિના પહેલા બનેલી અપહરણ અને ખંડણીની ઘટના બાદ પ્રકાશ ઉર્ફે પકા ચીના નામના શખ્સ સાથે માથાકુટ ચાલે છે. પકા ચિનાએ જિગ્નેશનું અપહરણ કરી ખંડણી માંગી હતી. આ બનાવ અંગે જિગ્નેશે પોલીસ ફરીયાદ કરી હતી. આ વખતે પકા ચિનાએ જિગ્નેશને મારી નાંખવાની તે જ વખતે ધમકી આપી હતી. અને ત્યારબાદ અવારનવાર ફરીયાદ પાછી ખેંચવા પ્રેશર કરતો હોવાનું જિગ્નેશનું કહેવુ છે. જિગ્નેશ પોલીસને આપેલા નિવેદન મુજબ આ ઘટના પાછળ પ્રકાશ ઉર્ફે પકા ચિના પર તેને શંકા છે.

